# <u>હૃદયની બંધ રક્તવાહિનીઓ ખોલવાનો અકસીર નુસખો</u>

રજૂઆત : હઝ.મવ. અલ્લાહ વસાયા સાહેબ (મ. ઝિ.)

- **શું તમને હૃદયરોગ છે?**
- **ડૉક્ટરે એન્જિયોગ્રાફી કે બાયપાસ કરાવવાનું કહ્યું છે?**
  **થોભો.................**

એન્જિયોગ્રાફી કે બાયપાસ કરાવતાં પહેલાં આ નુસખો અજમાવો અને અલ્લાહની રેહમતથી નિરાશ ન થાઓ.........ઇન્શા અલ્લાહ શિફા મેળવશો.

૧૮મી એપ્રિલ શનિવારના રોજ ખત્મે નુબુવ્વત કોન્ફરન્સ માટે સાહિવાલ જવાનું થયું. એના એક દિવસ પહેલાં મને હૃદયની જગ્યાએ હળવો દુખાવો થયો અને પછી ઘણીવાર સુધી ગભરાટ અને બોજાનો અનુભવ ચાલુ રહ્યો. પાકપટ્ટનના ખતીબ હઝરત મવ. બશીર અહમદસાહેબ ઉસ્માની સાથે મુલાકાત થઇ ત્યારે એમણે જણાવ્યું કે મારી એન્જિયોગ્રાફી થઇ ત્યારે ડોક્ટરોએ બાયપાસ કરાવવાની સલાહ આપી હતી. ડોક્ટરોએ એક મહીના પછીની તારીખ આપી. એ દરમ્યાન એક હકીમ સાહેબે મને નીચે જણાવેલ નુસખો આપ્યો, જેનો ઉપયોગ મેં એક મહિના સુધી કર્યો. નિશ્ચિત તારીખે કાર્ડિયોલોજી સેન્ટર લાહોરમાં સવા બે લાખ રૂપિયા જમા કરાવ્યા. ડૉક્ટરાએ તપાસ કરી. બધા ટેસ્ટ કરાવડાવ્યા. આગલા દિવસે બાયપાસ સર્જરી થવાની હતી. એ બધા ટેસ્ટના રીપોર્ટો લઇને ત્રણ ડૉક્ટરોનું બોર્ડ બેઠું. એક મહિના અગાઉનાં અને મહિના પછીનાં રીપોર્ટોને જોયા પછી મને પૂછવામાં આવ્યું કે............

એન્જિયોગ્રાફી પછી તમે કઇ દવા લીધી હતી ?

મેં ડૉક્ટરાને હકીમ સાહેબે આપેલો નુસખો જણાવ્યો. એમણે જણાવ્યું કે તમારી ત્રણ નસો (રક્તવાહીનીઓ) માંથી બે ખુલી ચૂકી છે. એ જ નુસખો લેવાનું ચાલું રાખો, કદાચ બાકીની એક નસ પણ ખુલી જશે. બાયપાસ કરાવવાની હાલ કોઇ જરૂર નથી.

બાયપાસ માટે અગાઉ જમા કરાવેલ રકમ પાછી લીધી અને ઘરે પાછો ફર્યો.

હઝરત મવલાના બશીર અહમદસાહેબે મારા ઉપર મહેરબાની કરી એક બોટલ તૈયાર કરી આપી અને નુસખો પણ જણાવી દીધો, જે આ પ્રમાણે છે :

## ★ નુસખો ★

**૧. લીબુનો રસ એક વાટકી**
**૨. આદુનો રસ એક વાટકી**
**૩. લસણનો રસ એક વાટકી**
**૪. સફરજન (સેબ)નો સરકો એક વાટકી**

આ ચારેય વાટકીનાં રસ ભેળવી ધીમા તાપે અડધા કલાક સુધી ઉકાળો, જ્યારે એક વાટકી રસ ઓછો થઇ જાય ત્યારે ચૂલા પરથી રસ ઉતારી લઇને તેને ઠંડું થવા દો. ઠંડું થયે એમાં ત્રણ વાટકી મધ ભેળવો.

એ બધાને સારી રીતે એકરસ કરીને બાટલીમાં સુરક્ષિત કરી લો. દરરોજ સવારે નરણાં કોઠે ( ભૂખ્યા પેટે) ત્રણ ચમચી રસ પીવો. ઇન્શા અલ્લાહ હૃદય તરફ જતી બંધ એવી તમામ રક્તવાહીનીઓ ખુલી જશે. આ નુસખો અનુભવસિદ્ધ છે.